ગુજરાતના સાંસ્કૃતિક ઘડતરનાં પરિબળો

લેખક : શ્રી કુમારપાળ દેસાઈ

માનવીએ પૃથ્વી પર પોતાનું જીવન આરંભ્યું. જીવનના ઉષઃકાળમાં જ એણે ભૌતિક જરૂરિયાતો મેળવવાના પ્રયત્નો આદર્યા. આ જરૂરિયાતોને મેળવવાના પ્રયત્નોની સાથે સાથે એ મન–ચિત્તનો ઉપયોગ કરે છે, અમુક નીતિ-નિયમો ઘડે છે, પોતે એ નિયમો પાળવાનો આગ્રહ રાખે છે ને બીજા પાસે પળાવવાનો આગ્રહ ધરાવે છે. આમાંથી મનમાં એક સંસ્કાર જન્મે છે. ચિત્તમાં આર્દ્રતા, મનમાં સહભાવ ને સમભાવ, એકબીજા તરફ ઉપયોગી થવાનું વલણ વગેરેથી એ સંસ્કૃત બનવાની પ્રવૃત્તિ તરફ વળે છે.

સંસ્કૃતિ અને તેનું કામ

ધીરે ધીરે માનવીના જીવનસમગ્રને આ પ્રવૃત્તિ ઘાટ આપવા માંડે છે. આમાંથી એ એની જીવનરીતિમાં અમુક મૂલ્યો સ્થાપે છે. આપણા વિવિધ સંબંધો અને એમાંય સ્ત્રી-પુરુષ વચ્ચેનો લગ્નસંબંધ, એમાંથી એકપત્નીત્વ અને એથીય ઉચ્ચ ભૂમિકાએ પહોંચતો ભાઈ-બહેનનો નાતો આના ફળરૂપ છે. માણસ એને મળેલાં મૂલ્યોનું વધુ ને વધુ ખેડાણ કરતો જાય છે. જો કોઈ પ્રજા પોતાનાં મૂલ્યોથી વેગળી બની જાય તો એ નિજી સત્ત્વથી પણ વેગળી બને છે. આ મૂલ્યો પ્રજાસમૂહનું માનસિક ખેડાણ કરતાં હોય છે—જીવનને વધુ ને વધુ શુદ્ધ, સમૃદ્ધ અને પરિપૂર્ણ બનાવવા કાજે.

આ પ્રક્રિયાને પરિણામે સંસ્કૃતિનો એક આગવો આકાર ઘડાય છે. એ આકાર કોઈ એક વિશિષ્ટ પ્રદેશ પર મુખ્યત્વે આધાર લે છે. અને એ ભૂમિ પર વસતી પ્રજાના જીવનમાં સૂક્ષ્મરૂપે આવિર્ભાવ પામે છે. એક સમાજ કે પ્રદેશમાં વિકસતાં આવાં આગવાં તત્ત્વોથી એ પ્રજાનું એક બંધારણ ઘડાય છે. એ પ્રજામાં એક વિશિષ્ટ એવી જાગૃત ચેતનાનું સાતત્ય વરતાય છે. આ બાબતો એ પ્રદેશના લોકોને એકતાંતણે બાંધે છે. આ મૂલ્યો એ સમાજની રીતરસમો, જીવનપદ્ધતિ અને વિચારશીલતાને ઘાટ આપતાં હોય છે. એક પ્રદેશ કે સમાજમાં ઊગેલાં આ મૂલ્યોનો વારસો થોડેઘણે અંશે કુટુંબ, સમાજ,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રાજ્ય અને ચોપાસના વાતાવરણ પાસેથી મળે છે. આમ એક સમાજે મેળવેલો, ખીલવેલો અને આત્મસાત્ કરેલો મૂલ્યસમુદાય તે એ પ્રદેશની સંસ્કૃતિ.

આ મૂલ્યસમુદાયના ઘડતરમાં એ પ્રદેશની આજીવિકા અને રહેઠાણ માટેની ગોઠવણ, એ પ્રજાનાં માન્યતાઓ, નિર્ણયો, વલણો, ચિંતનો, ખ્યાલો, એ સમાજનાં નૈતિક અને વ્યાવહારિક ધોરણો, ત્યાં વિકસેલી આર્થિક, સામાજિક, રાજકીય અને ધાર્મિક સંસ્થાઓનો ફાળો હોય છે. એ ધરતીએ અનુભવેલા ઇતિહાસના વારાફેરા, એનાં યંત્રો, વિજ્ઞાનો ને દર્શનો તેમ જ એનો સાહિત્ય, સંગીત, ચિત્ર, શિલ્પ અને સ્થાપત્ય આદિવિષયક કલાવારસો પણ મૂલ્યઘડતરની પ્રક્રિયામાં વત્તે-ઓછે અંશે ભાગ ભજવે છે. એક સમાજ બીજા સમાજના સંપર્કમાં આવતાં જે ઘર્ષણ-સમન્વયનાં બળો જન્મે છે તે પણ સંસ્કૃતિના ઘડતરમાં ફાળો આપે છે. આવાં મૂલ્યોથી ઘાટ પામેલી સંસ્કૃતિનું તેજ આપણી જીવનશૈલીમાં ઊતરેલું હોય છે.

સંસ્કૃતિની અંદર આ ઘર્ષણ-સમન્વયની પ્રક્રિયા આગવું મહત્ત્વ ધરાવે છે. આપણા જીવનની જેમ સંસ્કૃતિ પણ સતત જીવંત, પરિવર્તનશીલ અને વિકાસગામી હોવી જોઈએ. આવી એક સંસ્કૃતિએ બીજી સંસ્કૃતિના સંપર્કમાં આવતાં ડરવું ન જોઈએ. સંસ્કૃતિમાં બીજા પ્રદેશનાં–બીજી પ્રજાનાં–મૂલ્યો સાથે સમન્વય સાધવાની અખૂટ જીવંતતા અને શક્યતા પડેલી છે. પણ જો કોઈ એક સંસ્કૃતિ બીજી સંસ્કૃતિના ભયે પોતાનાં અંગો સંકોચી પોતાના કોચલામાં પુરાઈ રહે તો એમાં બંધિયારપણું આવે. આ બંધિયારપણું આખીય સંસ્કૃતિને ઘાટ વગરની બનાવી દેનારી વસ્તુ છે. આથી આપણે આપણાં મૂલ્યોને જગતની ખુલ્લી હવામાં ઝૂમવા દેવાં જોઈએ. મનનાં દ્વાર વાસી દઈ પોતાનાં જ મૂલ્યોમાં રાચતા રહીએ તો પ્રગતિ અટકી જાય છે. એટલા માટે સંસ્કૃતિમાં નવી ભાવનાઓ ને નવી શોધોને ઝીલવાનું, અનુભવવાનું અને સમાવવાનું સામર્થ્ય હોવું ઘટે. પણ આ સાથે પરસંસ્કૃતિના પ્રકાશમાં અંજાઈ ન જવાય એવું હીર પણ એમાં હોવું જોઈએ. જો સ્વસંસ્કૃતિનાં મૂલ્યોનો અનાદર કરી પરસંસ્કૃતિની પૂજા કરવા બેસી જઈએ તો આપણે આપણા વારસાને તેમ જ સ્વત્વને ગુમાવી બેસીએ છીએ. પરિણામે આપણાં જીવનને ધારી રાખતાં બળોનાં મૂળિયાં ઊખડવા માંડે છે. આમ સંસ્કૃતિનું કામ પોતાનું સત્ત્વ જાળવીને બીજાના સંપર્કમાં આવવાનું અને એના સારભૂત તત્ત્વને આત્મસાત્ કરી લેવાનું છે. આપણા કેટકેટલા સમર્થ ચિંતકોએ આ હેય-ઉત્પાદેયનું કામ બજાવ્યું છે!

ગુજરાતના અહિંસા-કરુણાપ્રધાન સંસ્કારો

ગુજરાતની ભૂમિ પર અનેક પ્રજાઓ આવીને વસી છે અને આ ભૂમિ પર વસતી પ્રજાએ ઘર્ષણ-સમન્વયની પ્રક્રિયા પણ અનુભવી છે. ગુજરાતની પ્રજાના બંધારણમાં અમુક મૂલ્યો વિશેષ જણાઈ આવે છે અને એને લીધે ગુજરાતની સંસ્કૃતિના પટ પર અહિંસા, જીવદયા અને સર્વધર્મ-સમભાવની ભાવનાની ભાત વિશેષ ઊપસી આવી છે. ગુજરાતને આ સંસ્કારોની ગળથૂથી ઈ. સ. પૂર્વે ત્રીજા સૈકાથી મળેલી છે; એનીય પહેલાંથી આ સંસ્કારો મળ્યા હોવાનો સંભવ છે. અત્યારના પ્રજાજીવનમાં એકરસ બની ગયેલી દેખાતી આ કરુણાગામી સુકુમાર ભાવનાઓ સૈકાઓ પહેલાં આ પ્રદેશની વસતીના જીવનમાં ઓતપ્રોત બનીને સ્થિર થઈ ગઈ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અહિંસાની ભાવનાનો એક વિશિષ્ટ અને વ્યવહારુ આવિષ્કાર જ જીવદયા કે કરુણા છે. પોતાના નિમિત્તે ન કોઈને હણવું કે દુઃખ પહોંચાડવું એ અહિંસા; અને બીજાના ભલા ખાતર પોતાની જાત કે સર્વસ્વને ઘસી નાખવામાં આનંદ માનવો તે કરુણા: આમ અહિંસા અને કરુણા એક જ સિક્કાની બે બાજુ બની જાય છે. આથી આ બંને ભાવનાને સાથે જોવી એ જ યોગ્ય લેખાશે. ઈ. સ. પૂર્વે ૨૭૪–૨૩૭ના કાળમાં થયેલા દેવાનાંપ્રિય પ્રિયદર્શી મહારાજ અશોકની ચૌદ આજ્ઞાઓ ગિરનારના 'શૈલકણ' પર આલેખાયેલી છે. આ શિલાલેખ એ ગુજરાતના ઇતિહાસની પહેલી ખીંટી છે, તો ગુજરાતનાં સંસ્કારબળોનો પ્રથમ આલેખ છે. આમાં પ્રાણીવધની મનાઈ ઉપરાંત પ્રાણીધન જાળવવાની દરકાર પણ ઘણી બતાવાઈ છે. એક આજ્ઞામાં લખ્યું છે: 'જ્યાં જ્યાં મનુષ્યોપયોગી અને પશુઉપયોગી ઔષધો ન હતાં ત્યાં ત્યાં તે મંગાવવામાં આવ્યાં અને રોપવામાં આવ્યાં. જ્યાં જ્યાં મૂળ અને ફળ નહોતાં ત્યાં ત્યાં તે મંગાવવામાં આવ્યાં અને રોપવામાં આવ્યાં. પશુ અને માણસના ઉપયોગ માટે રસ્તાઓ ઉપર કૂવાઓ ખોદાવવામાં આવ્યા.' આમાં માનવની સાથે મૂંગાં પ્રાણીઓની પણ કેટલી બધી ખેવના રખાઈ છે! ગુજરાતે અહિંસા અને જીવદયાની ભાવના જીવનમાં અનુભવેલી, ઉતારેલી અને જીવી જાણેલી છે. પશુઓની માવજત કરવાની અને ખાસ કરીને ખોડાં ઢોરને સાચવવાની પ્રથાનાં મૂળ અહીં જણાય છે. અત્યારની પાંજરાપોળની સંસ્થાનાં મૂળ પણ ગુજરાતમાં જ છે ને!

પણ આ તો બેએક હજાર વર્ષ પહેલાંના, પ્રમાણમાં નજીકના ઇતિહાસયુગની વાત થઈ. ગુર્જરભૂમિને મળેલ અહિંસા, જીવદયા અને પ્રાણીરક્ષાની ઉત્કટ તેમ જ સુભગ ભાવનાના ચીલા તો, ઇતિહાસયુગને વટાવીને, ઇતિહાસયુગના છેક આરંભકાળ સુધી અથવા તો પ્રાગૈતિહાસિક સમયના છેલ્લા તબક્કારૂપ મહાભારતના યુદ્ધના કાળ સુધી પહોંચે છે. જૈનધર્મના બાવીસમા તીર્થંકર ભગવાન નેમિનાથ શ્રીકૃષ્ણના પિતરાઈ ભાઈ થતા હતા. પોતાના લગ્ન નિમિત્તે વધ માટે ભેગાં કરેલાં મૂંગાં પ્રાણીઓનો આર્તનાદ સાંભળીને નેમિકુમારે લગ્નના લીલા તોરણેથી પોતાનો રથ પાછો વાળી લઈને ગિરનારની ગહન ગુફાઓ અને ભયંકર અટવીઓમાં તપ, ત્યાગ, સંયમ અને તિતિક્ષાને માર્ગે વૈરાગ્યની સાધના કરવાનું મંજૂર રાખ્યું હતું. ભગવાન નેમિનાથે વિસ્તારેલ અને આપેલ કરુણા અને વૈરાગ્યનો આ અમર વારસો ગુજરાતની ભક્તિશીલ, ધર્મપ્રેમી અને પાપભીરુ પ્રજાએ છેક અત્યાર સુધી સાચવી અને શોભાવી જાણ્યો છે. એટલે, ખરી રીતે, સમ્રાટ અશોકે તો ગુજરાતમાં અહિંસા અને કરુણાની ભાવનાનું પૂર્વભારતમાંથી પશ્ચિમભારતના આ પ્રદેશમાં મોટે ભાગે પુનરુચ્ચારણ અને અમુક અંશે પુનરુજ્જીવન કર્યું; બાકી અહિંસા અને દયાની આ ભાવના તો ઘણા જૂના સમયથી ગુજરાતની પ્રજાના જીવનમાં તાણાવાણાની જેમ વણાઈ ગઈ હતી. શ્રીકૃષ્ણનો પશુપ્રેમ પણ એટલો જ જાણીતો છે.

જૈનધર્મની પ્રરૂપણા ભલે પૂર્વભારતમાં થઈ હોય, પણ, સમય જતાં, એ સ્થિર થયો પશ્ચિમ ભારતમાં, ખાસ કરીને ગુજરાતની ભૂમિમાં, તેમજ દક્ષિણ ભારતમાં. ગુજરાતની ધરતીમાં પરપ્રાંતનું આ બી રોપાયું ને ફૂલ્યું-ફાલ્યું એ જ એની અહિંસાપ્રિયતાનો મોટો પુરાવો છે. ક્ષત્રપસમય દરમ્યાન આવેલા યુએન શુઆંગની પ્રવાસનોંધમાં રાજા શીલાદિત્ય (પહેલા)ની વાત મળે છે. આ શીલાદિત્યે જીવનભર કોઈ પ્રાણીને હાનિ પહોંચાડી ન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હતી અને પોતાના હાથીઓ તેમ જ ઘોડાઓ પણ જીવજંતુની હિંસા ન કરે એ માટે એ તેમને ગાળેલું પાણી પાવાનો આગ્રહ રાખતો. વધુમાં એ લખે છે કે એના રાજ્યનાં પચાસેક વર્ષ દરમિયાન રાની પશુઓ મનુષ્યો સાથે હળીમળી જતાં ને લોકો એમને મારતા ઝૂડતા નહીં.* ઇત્સિંગ પણ આ પ્રદેશનો એક રિવાજ વર્ણવતાં કહે છે કે અહીં ગાળેલા પાણીમાંથી નીકળતાં જંતુઓને પાછાં પાણીમાં નાખી જીવતાં રાખવાનો રિવાજ છે. આમાં બૌદ્ધ ધર્મની અસર હોઈ શકે. પરંતુ જૈનોએ આ ભાવનાને વ્યાપક અને પ્રબળ બનાવવામાં મોટો ફાળો આપ્યો છે. આમાં સોલંકી યુગના મહારાજા કુમારપાલનો પણ આગવો ફાળો છે.

મહારાજા કુમારપાલની 'અમારિ–ઘોષણા' એ એક મોટી સાંસ્કૃતિક ઘોષણા છે. આમાં એ અશોક કરતાં એક ડગલું આગળ વધે છે. આ વિશે શ્રી હેમચંદ્રાચાર્ય એમના 'દ્વયાશ્રય' કાવ્યમાં નોંધે છે: 'એણે કસાઈઓથી થતી તથા શિકારીઓ દ્વારા થતી હિંસા બંધ કરી, દેવતાઓને મળતા બકરાઓના બલિ પણ બંધ કર્યા અને માંસાદિના વેચાણથી જેમની આજીવિકા ચાલતી હતી તેમની આજીવિકા બંધ થતાં તેઓને રાજાએ ત્રણ વર્ષનું ધાન્ય આપ્યું.' 'અમારિ–ઘોષણા'નો પ્રચાર કુમારપાલે માત્ર ગુજરાતમાં જ નહીં પણ પોતાના સામંતો મારફતે પોતાના આખાય સામ્રાજ્યમાં ગુંજતો કર્યો હતો. મારવાડના છેક દક્ષિણ ભાગમાં આવેલા રત્નપુરના શિવમંદિરમાંથી અને જોધપુર રાજ્યના કિરાડુમાંથી મળતા હિંસાબંધી ફરમાવતા લેખો આની ગવાહી પૂરે છે. આ સિવાય કુમારપાલે રાજાઓ અને રજપૂતોમાં પ્રચલિત એવા મદ્યપાન અને માંસભક્ષણની બંધી ફરમાવી હતી અને પરદારાગમન અને દ્યૂતનો ત્યાગ કરાવ્યો હતો. આથી ગુજરાતની પ્રજામાં દરેક અનાચાર પ્રત્યે સામાન્ય રીતે જોવા મળતી તિરસ્કારવૃત્તિ માટે આપણે આ રાજવીને શ્રી સહજાનંદ સ્વામી સાથે સંભારવો પડે.

આ અહિંસા અને જીવદયાની ભાવના ગુજરાતની પ્રજાના હૃદયમાં સૈકાઓ સુધી ઘૂંટાતી રહેલી છે એટલું જ નહીં, વ્યવહારમાં પણ ઊતરી છે. આ પ્રદેશની એક વિભૂતિ ગાંધીજીએ તો અહિંસાની ભૂમિકા પર જ સ્વાતંત્ર્યનું આંદોલન જગાવ્યું. અહિંસા અને વીરતા એ બે બાબતોને કેટલાક વિરોધી માનતા હતા; પણ ગાંધીજીએ આ તથાકથિત વિરોધી બાબતોને ભેગી કરી એક નવું બળ જન્માવ્યું. અહિંસાથી ભરેલી વીરતાથી યુદ્ધ ખેલવાના નવા જ પાઠ ગાંધીજીએ શીખવ્યા. બળવંતરાય ઠાકોરે આ ભાવનાને યોગ્ય રીતે બિરદાવી છે—

'છે જંગ સાત્ત્વિક બળો પ્રકટાવવાનો,
ચારિત્ર્ય સૌમ્ય વ્રત સાધુ ખિલવવાનો.'

સામા પર ઘા કર્યા વિના જીતવાનો ભગવાન બુદ્ધ અને મહાવીરનો પ્રયોગ ગાંધીજીએ કરી બતાવ્યો. ખરેખર તો આખીય ગુજરાતની અહિંસા અને કરુણામય સંસ્કૃતિનું સત્ત્વ ગાંધીજી સાંગોપાંગ વ્યવહારમાં ઉતારે છે અને આથી એમની સિદ્ધિ ગુજરાતના સત્ત્વનું સામર્થ્ય અને ખમીર પુરવાર કરે છે. આમ અશોકના શિલાલેખમાંની ધર્માજ્ઞાઓ કોતરાઈ તો દેશના ઘણા ખૂણામાં, પણ તે ઊગી તો ગુજરાતના જીવનમાં જ.

* 'મૈત્રકકાલીન ગુજરાત' ભાગ ૧; લે. ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી, પૃ. ૮૭–૮૯

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગુજરાતની સહિષ્ણુતા

સંસ્કૃત માનવનો એક બીજો મોટો પુરુષાર્થ છે પરસ્પરનાં વિચારો, વલણો અને માન્યતાઓ પ્રત્યે સહિષ્ણુતા કેળવવાનો. ગુજરાતમાં આવી પરધર્મ કે પરપ્રજા પ્રત્યેની સહિષ્ણુતા વ્યાપક રૂપે જોવા મળે છે. પોતાને પરમમાહેશ્વર કહેવડાવતા કેટલાક મૈત્રક રાજવીઓએ બૌદ્ધ વિહારોને છૂટે હાથે દાન આપ્યું છે. સોલંકી રાજવીઓ પોતાના નામ આગળ उमापति–वर–लब्धप्रसाद નું બિરુદ લગાડવા છતાં સોલંકી યુગના સ્થાપક મૂળરાજે જૈન સ્થાન અને એના પુત્ર ચામુંડે વીરગણિ નામના જૈન સાધુનો આચાર્યપદ મહોત્સવ કર્યાનો ઉલ્લેખ મળે છે. સિદ્ધરાજે વિષ્ણુમંદિર બંધાવ્યાનો અને નેમિનાથની પૂજા કર્યાનો ઉલ્લેખ મળે છે, તો શ્રી હેમચંદ્રાચાર્ય સોમનાથના મંદિરમાં મહાદેવ–શંકરની સ્તુતિ કરે છે. મહારાજા કુમારપાળ પરમમાહેશ્વરની સાથે સાથે પરમાર્હતનું બિરૂદ પણ ધરાવે છે. ચિત્તોડગઢમાંથી મળેલા લેખમાં દિગંબર આચાર્ય રામકીર્તિએ શરૂઆતમાં શિવની સ્તુતિ કરી છે. વસ્તુપાલ–તેજપાલે મસ્જિદ બંધાવ્યાનો અને સોમનાથની પૂજા કરી હોવાનો ઉલ્લેખ મળે છે, તો પુત્રપ્રાપ્તિ કાજે હિંદુ દેવની પૂજા કરતા જગડુશાની વાત એમના ચરિત્રકારો કશીય ટીકા વિના નોંધે છે. કારમા દુકાળમાંથી પ્રજાને બચાવનાર જગડુશાએ ખીમલી મસ્જિદ બંધાવી.* વાઘેલા વંશના અર્જુનદેવના સમયનો વેરાવળમાંથી મળેલો એક લેખ સોમનાથ જેવા ધર્મસ્થાનમાં પણ પરધર્મીઓ પ્રત્યે કેટલી ઉદારતા બતાવવામાં આવતી હતી, તે બતાવે છે. નાખુદા પીરોઝે સોમનાથદેવના નગરની બહારના ભાગમાં મસ્જિદ બંધાવી હતી. વળી, આવી ધાર્મિક બાબતોનો વહીવટ મુસલમાનોની જમાત કરે એવી છૂટ પણ હતી.+ થોડા સમય પહેલાં જે પ્રજાહૃદયે મહમૂદ ગીઝનીના આક્રમણનો કારી ઘા અનુભવ્યો હતો, એ જ પ્રજાહૃદય આટલી ઉદારતા બતાવે એ બાબત આપણા સમાજનું હૃદયઔદાર્ય છતું કરે છે. જૈન સંસ્કૃતિના હાર્દરૂપ અનેકાંતવાદે આપેલ પરમતસહિષ્ણુતા, સત્યનો ગમે ત્યાંથી સ્વીકાર કરવાની વૃત્તિ અને ઉદારતાના પાઠે પણ આમાં નોંધપાત્ર ફાળો આપ્યો છે, એમ સ્વીકારવું ઘટે.

અમદાવાદની એક મસ્જિદમાંથી મળી આવેલ અરબી ભાષામાં લખાયેલો એક લેખ પણ આની ગવાહી પૂરે છે. આ મસ્જિદનો કેટલોક ભાગ સોલંકી સમયમાં બંધાયેલો હોવાનો ઉલ્લેખ મળે છે. આથી સાબિત થાય છે કે મુસલમાનોએ ગુજરાત જીત્યું એની બે દાયકા પૂર્વે તેઓ અહીં શાંતિથી વસવાટ કરતા હતા. આપણે ત્યાં સોલંકી શાસન હતું એ વખતે દક્ષિણમાં શૈવ રાજાઓએ વૈષ્ણવોની કનડગત કરી હોવાના દાખલા મળે છે. ગુજરાતમાં કોઈ શૈવ રાજાએ આવું કર્યું નથી. સંજાણના હિંદુ રાજાએ પારસીઓને આપેલા આશ્રય અને તેમને વસવાટ કાજે આપેલી જમીનનો બનાવ ગુજરાતના સાંસ્કૃતિક ઇતિહાસનો એક મહાન બનાવ ગણાય. આવી રીતે પરધર્મીને પોતાની સાથમાં વસવાટ આપ્યાના દાખલા ઇતિહાસમાં વિરલ છે. ગુજરાતની અહિંસામાંથી ગાંધીજીએ એક સાત્ત્વિક બળ ઊભું કર્યું, તો ગુજરાતની સહિષ્ણુતામાંથી ગાંધીજીએ જગતને 'વ્યાપક ધર્મભાવના'નો વિચાર આપ્યો.

---

* જગડુચરિત્ર સર્ગ ૬, શ્લોક ૨૪.

+ ગુજરાતનો સાંસ્કૃતિક ઇતિહાસ ભાગ ૧ લે. રત્નમણિરાવ જોટે પૃ. ૧૧૪

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગુજરાતની આ પરધર્મસહિષ્ણુતાની વૃત્તિ કાયરતાનો અંચળો લેખાય તો એ ખોટું કહેવાય. કદાચ કોઈ આ તડજોડ કરવાની વૃત્તિને પોતાની કાયર વૃત્તિને ઢાંકવાની વૃત્તિ તરીકે પણ ગણાવે. પરંતુ, વાસ્તવિક રીતે જોઈએ તો, ગુજરાતની અસ્મિતા આનાથી ક્યારેય ઘવાઈ નથી. આમાં તો સર્વધર્મસમભાવથી આગળ વધી સર્વધર્મમમભાવ તરફની ગતિ દેખાઈ આવે છે. આમ આ સહિષ્ણુતાથી ગુજરાતને, ગુજરાતના ધર્મોને અને એ ધર્મો આચરતી વ્યક્તિઓને જોમ મળી છે. ગુજરાતની પ્રજા પ્રમાણમાં વધુ સુખ–શાંતિ અને એખલાસનો અનુભવ માણી શકી છે તે પણ આ કારણે જ.

સંસ્કારઘડતરમાં ઇતિહાસ અને ભૂગોળનો ફાળો

સંસ્કૃતિનું પ્રતિબિંબ ઇતિહાસમાં જોઈ શકાય છે. આપણી સંસ્કારિતાની સ્થિરતા કે પ્રગતિની છાપ ઇતિહાસમાં, ભલે જુદે રૂપે પણ, આવિર્ભાવ પામે છે. ઘણીવાર તો વિશિષ્ટ વ્યક્તિનાં કાર્યોમાં સંસ્કૃતિનાં આગવાં તત્ત્વોનું વિકસન કે પ્રફુલ્લન જોવા મળે છે. આમ ઇતિહાસ એ સંસ્કૃતિની આરસી છે, તો ભૂગોળ એ સંસ્કૃતિના વ્યક્તિત્વને ઘડનારું બળ છે. જેમ માનવીને એની આસપાસની પ્રકૃતિનો પાસ લાગે છે તેમ પ્રકૃતિ પણ માનવીઘડચા ઘાટ ધારણ કરે છે. આથી ગુજરાતના વ્યક્તિત્વને જોવા માટે જે જે ભૂમિવિભાગોએ એના વ્યક્તિત્વને ઘડવામાં ફાળો આપ્યો છે તે જોવા ઘટે—પછી ભલેને આજે એ ગુજરાતની રાજકીય સીમાની બહાર હોય. આ માટે અત્યારે રાજસ્થાનમાં આવેલ ભિન્નમાલ કે શ્રીમાલને પણ જોવું ઘટે. ગુજરાતની સંસ્કૃતિના અભ્યાસીએ ગુજરાત એટલે ૨૦.૫થી ૨૪.૦ ઉત્તર અક્ષાંશ અને ૬૯.૨થી ૭૪.૯ પૂર્વરેખાંશ સુધીનો પ્રદેશ નહીં, પરંતુ સૌરાષ્ટ્ર અને કચ્છ સહિતનો પશ્ચિમ–હિંદુસ્તાનનો ભાગ એવી વ્યાપક વ્યાખ્યા આપવી પડશે.

ગુજરાતના સાંસ્કૃતિક ઘડતરમાં સુબદ્ધ સીમાડા, ફળદ્રુપ જમીન, લાંબો, થોડાંક બંદરોવાળો કિનારો, નિયમિત આવતું ચોમાસું અને સમશીતોષ્ણ આબોહવા જેવા ભૌગોલિક સંયોગોએ પણ કેટલોક ભાગ ભજવ્યો છે. ગુજરાતનો સાગરકાંઠો એ એની એક ભૌગોલિક વિશેષતા છે અને એ સાંસ્કૃતિક ઘડતરમાં મહત્ત્વનું બળ બની છે. પ્રાગૈતિહાસિક કાળમાં ગુજરાતની ધરતી પર રહેલી નાગ પ્રજાની સમુદ્રયાનની વૃત્તિ અને વાણિજ્યવૃત્તિમાં આનું પગેરું શોધવાના પ્રયત્નો થયા છે. વળી પ્રાચીન ગુજરાતને પરદેશ સાથે રાજકીય સંબંધો કરતાં વ્યાપારી સંબંધો વિશેષ હતા. આજે પણ ગુજરાતીઓ એમના વેપારકૌશલ અને વ્યવહારઝીણવટ માટે જાણીતા છે. અત્યારે તો હિંદનું ભાગ્યે જ એવું કોઈ ગામ હશે જ્યાં ગુજરાતી વાણિજ્ય અર્થે વસવાટ કરતો ન હોય! ગુજરાતના વેપારીઓ કુનેહબાજ પણ ખરા. ગંભૂય (ગાંભૂ) ગામનો ઠક્કુર નિન્નય, જગડુશા, સમરસિંહ, શાંતિદાસ ઝવેરી અને દિલ્હીના બાદશાહ પાસેથી મુસલમાનોએ તોડેલાં જૈન મંદિરોના જીર્ણોદ્ધારનું ખર્ચ મેળવવાની વગ ધરાવતા અમદાવાદના નગરશેઠના દાખલા મળે છે. આમ સમુદ્રે આપણી વાણિજ્યવૃત્તિ ખીલવી; આ વાણિજ્યે આપણામાં સમાધાનવૃત્તિ આણી.

મહાજનસંસ્થાનો વિકાસ

ગુજરાતની સમાધાનપ્રિય અને કલેશથી કંટાળવાની વૃત્તિને લીધે ગુજરાતમાં જેટલાં મહાજનો ખીલ્યાં છે તેટલાં બીજે ક્યાંય ખીલ્યાં નથી. આ મહાજનસંસ્થા ગુજરાતનું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એક નોંધપાત્ર સંસ્કૃતિબળ છે, એનું ગૌરવ છે. સંઘબળનો ભારે મહિમા આ સંસ્થામાં જોવાય છે. કેટલીક વાર રાજસત્તા જે કામ લાંબા ગાળે, મોટા ખર્ચે ને મનસંતોષે કરી શકતી નથી, તે કામ આ સંસ્થા અલ્પ સમય અને દ્રવ્યથી, બંને પક્ષના સંતોષ સાથે, પૂરું કરે છે. મહાજનોએ ઘણા વખત સુધી પરદેશીઓને વેપારમાં પેસવા દીધા નહોતા, કોમી વેરઝેર પર કાબૂ રાખ્યો હતો ને સ્વચ્છંદ રાજસત્તાઓને નાથવાના પ્રયત્નો પણ કર્યા હતા. સામાજિક અને વ્યાવહારિક નિયમો પણ મહાજને ઘડીને પળાવ્યા હતા. મહાજનો વેપાર ઉપર વેરા નાખતા, લાગા મૂકતા ને દંડ પણ કરતા. સુતાર–લુહારનાં મહાજનોથી લઈને મિલમાલિકોનું મહાજન આજે પણ જોવા મળે છે. ગાંધીજીએ તો 'મજૂરમહાજન'ને જન્મ આપી ઔદ્યોગિક દુનિયામાં એક નવો દાખલો બેસાડ્યો છે.

સમાધાનપ્રિયતા અને વીરત્વ

સમાધાનપ્રિયતા સદા સમન્વય ને સૌમ્યતાને શોધે છે. જૈન મંદિરોમાં થયેલી અંબામાતાની સ્થાપના એ આ સમન્વયવૃત્તિનો પુરાવો છે, તો ગુજરાતમાં ભયાનક રસવાળા સંપ્રદાયો પણ સામ્ય બન્યા, એ આનો બીજો પુરાવો છે. ગુજરાતે શિવધર્મમાંથી એના ઉગ્ર તત્ત્વને ઓછું કરી નાખ્યું. કાલીમાતા આ પ્રદેશ પર ભદ્રકાલીમાતા બન્યાં. પરંતુ ગુજરાતની સમાધાનપ્રિયતા અને સામ્યતાને જોઈ 'અહીં વીરતા વિકસી જ નથી' એમ કહેનાર થાપ ખાય છે. સિસોદિયા વંશના મૂળપુરુષ બાપા રાવળ ઈડરના હતા. ચાવડા વંશ, સોલંકી વંશ અને વાઘેલા વંશની ઇતિહાસગાથામાં સ્થળે સ્થળે પરાક્રમતેજ છલકાતું જોવા મળે છે. સિદ્ધરાજ અને કુમારપાલ જેવા ક્ષત્રિયોનાં અને વિમળશા અને વસ્તુપાલ જેવા વણિકોનાં હૃદયમાં ધર્મબળ અને હાથમાં યુદ્ધકૌશલ્ય પડેલું દેખાય છે. કચ્છ અને સૌરાષ્ટ્રમાં ઠેરઠેર જોવા મળતા પાળિયાઓ આની જ સાક્ષી પૂરે છે. ભીલ, કોળી, આહીર, ચારણ, મીર, મિયાણા, વાઘેર અને કાઠી જેવી જાતિઓ આજેય બહાદુર જાતિ ગણાય છે. અસહકારની ચળવળ વખતે આ પ્રદેશના બધા વર્ણનાં પુરુષો, સ્ત્રીઓ તેમ જ બાળકોએ પોતાની ઠંડી તાકાત બતાવી હતી.

આ બધું હોવા છતાં એટલું તો સ્વીકારવું પડશે કે ગુજરાતની સંસ્કૃતિના આગવા તત્ત્વ લેખે વીરત્વને બતાવી શકીશું નહીં. આનું કારણ એ પણ હોઈ શકે કે જે પ્રજા બહારથી અહીં આવી હોય, તે ઠરીઠામ બનવાની મનોવૃત્તિવાળી બની ગઈ હોય. અહીં આવેલા ક્ષત્રિયો ઠરીઠામ બનવાની વૃત્તિવાળા હતા એમ કહી શકાય. રજપૂતો અહીં આવ્યા ત્યાં લગીમાં એમની રજપૂતવૃત્તિ ઓછી થઈ ગઈ.

ગુજરાત પાસે વહાણવટાની ગૌરવશાળી પરંપરા હતી. ભારતનો લગભગ ત્રીજા ભાગનો સાગરકાંઠો ધરાવતા ગુજરાતમાં ભરૂચ, સોપારા, ખંભાત, દ્વારકા, રાયપુર (માંડવી બંદર), સોમનાથ, સુરત વગેરે સાગરસાહસો અને પરદેશી સમૃદ્ધિથી છલકાતાં બંદરો હતાં. સોળમી સદીમાં રાણી એલિઝાબેથે અકબર બાદશાહને પત્ર લખ્યો તેમાં અકબરને ખંભાતનો શહેનશાહ કહ્યો હતો. સમગ્ર હિંદનો સમ્રાટ ગુજરાતના એક બંદરને લીધે વિદેશમાં ઓળખાય તે એ બંદરની જાહોજલાલી સૂચવે છે. કચ્છનાં નાખવાઓ પોતાની કાબેલિયતથી દૂર–દેશાવરમાં ડંકો વગાડતા. આજે આપણે દરિયા તરફ પીઠ કરીને બેસી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગયા છીએ. ઇંગ્લેન્ડની કલ્પનાને જેમ દરિયો ઘડે છે તેવું ગુજરાતને માટે હવે નથી રહ્યું! 'લંકાની લાડી ને ઘોઘાનો વર' એ વાત એક ઉક્તિરૂપે જ સચવાઈ રહી છે.

આમ વાણિજ્ય તરફનો ઝોક ને ઠરીઠામ થવાની વૃત્તિને કારણે વીરત્વનો ઉદ્રેક ઓછો થયો હોવાનો સંભવ ખરો. આથી જ કવિ નર્મદે 'ગુજરાતીઓની સ્થિતિ'માં જોસ્સો અને શરીરબળ વધારી 'ઠંડા લોહી'નું સુખ છોડી 'ગરમ લોહીના સુખ'ને ભોગવવાની વાત કરી છે!

ગુજરાતની સંસ્કૃતિ અહિંસા, જીવદયા, સર્વધર્મસમન્વય, સમાધાનવૃત્તિ જેવાં વિશિષ્ટ તત્ત્વોથી ઘડાયેલી છે. આ બધાં તત્ત્વો સૌમ્યતા અને ઉદાત્તતાથી પરિપૂર્ણ છે. આની અંદર એક નવું બળ પ્રગટાવ્યું મહાત્મા ગાંધીજીએ. એમણે નિર્બળ ગણાતી ભાવનાની સબળતાનું જગતને ભાન કરાવ્યું. ગાંધીજીની વિશેષતા ગુજરાતમાં પડેલાં આ બીજોનો મનભર અને મનોહર વિકાસ સાધવામાં છે. આપણાં સંસ્કૃતિતત્ત્વો એ મહાન વ્યક્તિના પારસસ્પર્શે ચેતનવંતાં થયાં અને એનો પ્રસાર ભારતમાં જ નહીં, પણ સમગ્ર વિશ્વમાં થયો.

ભારતીય સંસ્કૃતિનું જ અંગ

ગુજરાતમાં ખીલેલી આ ભાવનાઓ સુવાંગ ગુજરાતની જ છે એવું નથી. ખરેખર તો ગુજરાતની સંસ્કૃતિ તત્ત્વતઃ ભારતીય સંસ્કૃતિથી અળગી નથી, પણ પ્રાંતીય વૈશિષ્ટયના રંગો ધારણ કરતાં કરતાં એની કેટલીક ભાવનાઓ વિશેષપણે વિકસી છે. પરંતુ આ પ્રાંતીય વિશેષતાઓની રંગબેરંગી પુષ્પમાળાનું સળંગસૂત્ર તો ભારતીય સંસ્કૃતિ જ છે. ગુજરાતમાં કેટલીક ભૌગોલિક યા સામાજિક વિશેષતા જોવા મળે, પણ આપણા અહિંસા અને સર્વધર્મ-સમભાવ જેવા સંસ્કારો માત્ર ગુજરાતમાં જ દેખાય છે એમ નથી; અમુક અંશે એ આખા ભારતમાં પણ દેખાય છે. આને વિશે એટલું કહી શકીએ કે આ સંસ્કારોની વિશેષ ખિલાવટ ગુજરાતમાં થઈ છે. આમ ભારતના જુદાજુદા પ્રદેશોની પ્રજાનાં રીતરિવાજ, ટેવો, વલણો અને માન્યતા ભલે જુદાં હોય, પણ એમનાં મૂલ્યો તો એક જ છે. જેવી રીતે આપણી સ્વાધીનતાની ભાવનાનો ભગતસિંહ, તિલક, રાનડે, ગાંધીજી અને શ્રી અરવિંદમાં જુદે જુદે રૂપે આવિષ્કાર થયો, એવું જ આપણી ભારતીય સંસ્કૃતિ વિશે છે. ઉપમાથી કહીએ તો આનું પોત એક જ છે, એમાં ભાત જુદી જુદી, અવનવા રંગોની ઝલકવાળી દેખાય છે એટલું જ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org